Introduction



## પ્રા સ્તા વિ ક

સ્વ.વા.મો.શાહ અર્વાચીન ગુજરાતી સાહિત્યના નર્મદયુગ અને પંડિતયુગના સંધિકાળમાં થઇ ગયેલા એક ચિંતક – સુધારક સાક્ષર હતા. તેમની વાઙ્મયસેવાઓએ શ્રી બ.ક.ઠાકોર, કનૈયાલાલ મુનશી, રા.વિ.પાઠક, ઝવેરચંદ મેઘાણી, રમણભાઇ નીલકંઠ, અનંતરાય રાવળ જેવા આપણા સાહિત્યના અગ્રણી સાક્ષરો અને ચિંતકો ઉપરાંત મુનિશ્રી સંતબાલજી, મુનિશ્રી નાનચંદ્રજી અને પંડિત સુખલાલજી જેવા જ્ઞાનીઓનું ધ્યાન ખેંચ્યું હતું. આ સાક્ષર ચિંતકો પાસેથી સ્વ.વા.મો.શાહની વાઙ્મયસેવાની નોંધ લેતા છૂટા છવાયા લેખો તેમજ અભિપ્રાયો આપણને સુલભ છે, પરંતુ તેમની સમગ્ર વાઙ્મયસેવા અને સુધારક પ્રવૃત્તિનો સમગ્રદર્શી અભ્યાસ આજપર્યંત થયો નથી. આ મહાનિબંધ એ દિશામાં એક નમ્ર પ્રયત્ન છે.

ગુજરાતી સાહિત્યક્ષેત્રે વિસરાઇ ગયેલા વા.મો.શાહના જીવન અને સાહિત્ય વિશે અભ્યાસ અને સંશોધન થઇ શકે એવું સૌ પ્રથમ સૂચન આ મહાનિબંધના મારા માર્ગદર્શક [Guide] પ્રો.રણજિતભાઇ પટેલ "અનામી" તરફથી મને થયું. મુ.અનામીસાહેબે વિષયસૂચન ઉપરાંત યોગ્ય માર્ગદર્શન અને પ્રોત્સાહન મને આપ્યાં છે. વા.મો.શાહના પ્રગટ અને અપ્રગટ અપ્રાપ્ય સાહિત્યને મેળવવાનો પ્રશ્ન પણ વિકટ હતો. તે માટે પ્રો.અનામીસાહેબે શ્રી ત્રિભુવનભાઇ વી. હેમાણીનો મને સંપર્ક સાધી આપ્યો. આ દિશામાં ડૉ.ભોગીલાલ સાંડેસરાનો સહકાર પણ પ્રાપ્ત થયો.

વા.મો.શાહનાં અંતિમ વર્ષો દરમ્યાન મુ.શ્રી ત્રિભુવનભાઇ એમના પરમ મિત્ર બન્યા હતા. તેથી વા.મો.શાહના દેહવિલય બાદ મિત્રભાવે અથવા શિષ્યભાવે એમના સમગ્ર સાહિત્યનો સંગ્રહ તેઓએ સાવચેતીપૂર્વક સાચવી રાખ્યો હતો. એમના હસ્તલિખિત અને અપ્રકાશિત લેખો, પત્રો અને પુસ્તકો જે કંઇ ઉપલબ્ધ હતું તે બધું જ શ્રી ત્રિભુવનભાઇએ મને સોંપ્યું. એટલું જ નહિ પણ મારા અભ્યાસમાં સક્રિય રસ લઇ યોગ્ય માર્ગદર્શન આપ્યું.

વા.મો.શાહના સાહિત્યપ્રદાનને સાત પ્રકરણમાં આલેખવાનો આ મહાનિબંધમાં ઉપક્રમ રાખ્યો છે. વા.મો.શાહનાં પુસ્તકો અને લખાણોની અપ્રાપ્યતાને ધ્યાનમાં લઇને વધુ અવતરણો સહેતુક આપ્યાં છે.

પ્રથમ પ્રકરણમાં વા.મો.શાહના પૂર્વજો અને કુટુંબીજનો વિશે માહિતી આવે છે. ઉપરાંત સંક્રાંતિયુગનું દિગ્દર્શન કરાવી, વા.મો. શાહનો બાલ્યકાળ અને લગ્નજીવન આલેખ્યાં છે. આ પ્રકરણમાં એમના વ્યક્તિજીવનને ઉપસાવી એમના સાક્ષરજીવનને ઘડનારાં પરિબળોની આલોચના કરવાનો પ્રથમવાર જ પ્રયત્ન થયેલો દેખાશે.

બીજા પ્રકરણમાં વા.મો.શાહનું પત્રકારિત્વ તપાસ્યું છે. પત્રકારિત્વની પ્રવૃત્તિમાં રહેલી વિટંબણાઓ એમની શક્તિ ખીલવવામાં સહાયરૂપ બની છે અને એ વ્યવસાય દ્વારા સર્જાયેલા સાહિત્યનું પ્રદાન તત્કાલીન પત્રકારિત્વના ક્ષેત્રના ઐતિહાસિક ભૂપૃષ્ઠમાં કેવુંક રહ્યું છે તેની આલોચના કરી છે.

ત્રીજા પ્રકરણમાં વા. મો. શાહની સુધારાપ્રવૃત્તિઓની સમીક્ષા કરી છે. અર્વાચીન ગુજરાતમાં થયેલી સુધારાપ્રવૃત્તિના સંદર્ભમાં વા. મો. શાહની પ્રવૃત્તિનું મૂલ્યાંકન કરવાનો પ્રયત્ન કર્યો છે. વા. મો. શાહ સંસારસુધારક છે જ, એ સાથે એમની આ પ્રવૃત્તિ ધર્મપ્રેરિત હતી તે સાધાર બતાવવામાં આવ્યું છે. તત્કાલીન ધર્મ અને સમાજ સાથે સંઘર્ષમાં આવતાં વા. મો. શાહ કેવી નિર્ભયતાથી સામનો કરે છે તે નિર્દેશવાનો પ્રયત્ન કર્યો છે. વા. મો. શાહે સ્થાપેલા "સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ" વિશે પ્રકાશ નાખવાનો પ્રયાસ કર્યો છે.

ચોથા પ્રકરણમાં વાડીલાલનાં સમગ્ર ગદ્યલખાણોની સમાલોચના કરી છે. ઝવેરચંદ મેઘાણીએ જેમને "ચિંતનગદ્યના સ્વામી" કહી બિરદાવ્યા છે તેવા ગદ્યસર્જકને મૂલવવાનો અહીં ઉપક્રમ રાખ્યો છે. પત્રકારિત્વના વ્યવસાયી જીવનમાં "જૈનહિતેચ્છુ"નું સઘળું લેખનકાર્ય પોતે જ બજાવવાના આગ્રહી વાડીલાલ વિશિષ્ટપ્રકારનું ગદ્ય સર્જી શક્યા છે તેનું મૂલ્યાંકન કરવાનો ઉદ્દેશ રાખ્યો છે.

પાંચમા પ્રકરણમાં વા. મો. શાહને વિવેચક તરીકે મૂલવ્યા છે.

છઠ્ઠા પ્રકરણમાં વા. મો. શાહના તત્ત્વજ્ઞાનનો વિચાર કર્યો છે. એમની વૈવિધ્યપૂર્ણ વિચારધારામાંથી લખાયેલા "મસ્તવિલાસ" "જૈનદીક્ષા", "મહાવીર કહેતા હવા", જેવા તાત્ત્વિક ગ્રંથોનું રહસ્ય સમજાવવાનો પ્રયાસ કર્યો છે. રાજકીય તત્ત્વજ્ઞાન સ્ફુટ કરતા "પોલિટિકલ ગીતા" શીર્ષકવાળા ગ્રંથની પણ સમીક્ષા કરી છે.

અંતિમ સાતમા પ્રકરણમાં વા.મો.શાહની વાઙ્મયસેવાના સમગ્રદર્શી અભ્યાસના નિષ્કર્ષરૂપે અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં એમના વિશિષ્ટ સ્થાન વિશે ચર્ચા કરી પ્રસ્તુત મહાનિબંધનો ઉપસંહાર કર્યો છે.

આ કાર્યમાં અનેક વડીલો, મિત્રો, અને શુભેચ્છકોએ સહાય કરી છે તેમનો આભાર માનતાં હું હર્ષ અનુભવું છું. ગુજરાતી વિભાગના પ્રાધ્યાપક ડૉ.હર્ષદભાઇ ત્રિવેદી અને ડૉ.સુભાષભાઇ દવેએ વારંવાર કરેલાં મૂલ્યવાન સૂચનો માટે હું તેઓની આભારી છું. અનેક પ્રસંગોએ આપેલી વિધવિધ સહાય બદલ ડૉ.સોમાભાઇ પારેખનો આભાર માનું છું તો એલ.ડી.ઇન્સ્ટીટ્યુટમાંથી શ્રી દલસુખભાઇ માલવણિયાએ "જૈનહિતેચ્છુ"ના બે અપ્રાપ્ય અંકો લાંબા સમય સુધી મને ધીર્યા તે માટે અંત:કરણપૂર્વક તેમના પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરું છું. "કૃષિ અર્થશાસ્ત્ર" વિભાગના વડા પ્રો.એમ.બી.દેસાઇ અને વર્માનો આભાર પણ જરૂર માનવો જોઇએ. આ ઉપરાંત જે જે સ્નેહી–સ્વજનો અને સંસ્થાઓએ મારા કાર્યમાં સહાય કરી છે તે સર્વની હું ઋણી છું.